## –::પ્રતિવાદી નં.૪ની સી.પી.સી. ઓર્ડર –૭ રૂલ ૧૧ની અરજી નીચે હુકમ::–

(૧). પ્રતિવાદી નં.૪ની અરજીની મુખ્ય હકીકત એવી છે કે દાવાવાળી જમીન તેમને સરકારશ્રી દવારા ફાળવવામાં આવેલ છે અને વાદીઓ કોઈ પણ હક અધિકાર વગર દાવાવાળી જમીન ઉપર દબાણ કરેલ છે અને વાદીઓ દાવાવાળી જમીનનો કબજો સરકારશ્રીના હુકમ મુજબ પ્ર તિવાદીનં.૪ને સોંપતા નથી. પ્રતિવાદી નં.૪ની દલીલ છે કે વાદીઓનો દાવાવાળી જમીન ઉપર કોઈપણ પ્રકારનો હક કે અધિકાર નથી. વાદીઓએ ગેરકાયદેસરરીતે દાવાવાળી જમીન ઉપર કબજો કરેલ છે જેથી બોમ્બે લેન્ડ રેવનયુ કોડની કલમ–૬૧ મુજબ વાદીઓનો દાવાવાળી જમીન ઉપર કોઈ પણ પ્રકારનો હક કે અધિકાર રહેલ નથી. અને પ્રતિવાદી નં.૪ને દાવાવાળી જમીન ફાળવવાના સરકારશ્રીના હુકમ વિરૂધ્ધ વાદીઓએ સમયમર્યાદાના કાયદા મુજબ એક વર્ષની સમય મર્યાદામાં કોઈ અપીલ કરેલ નથી. અને અત્રેની અદાલતને સી.પી.સી.કલમ–૯મુજબ સદર દાવો ચલાવવાની કોઈ જ હકુમત નથી. જેથી વાદીના દાવાને કોઝ ઓફ એકશન તથા લીમીટેશનના કાયદાનો તથા જયુરીસડીકશનનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ કરવા અરજીમાં જણાવેલ છે. અને અરજી મુજબની દલીલ હોવાનું જણાવેલ છે.

(૨). વાદીઓનો સદર અરજીનો જવાબ આંક–૩૮ ધ્યાને લીધો. તથા વાદી વ.શ્રીની દલીલ સાંભળી. વાદી વ.શ્રીએ તેમની દલીલમાં દાવાવાળી જમીન ઉપર તેમનો સને ૧૯૩૯–૪૦થી કબજો હોવાનું તથા દાવાવાળી જમીનમાં છેલ્લા ૭૦વર્ષથી તેમના વડીલો વખતથી ખેતી કરતા હોવાનું અને તેમાં તેમણે બોર કુવા બનાવેલનું અને જયોતિગ્રામ યોજના અન્વયે વીજ કનેકશનો મેળવેલ હોવાનું જણાવેલ છે અને દાવાવાળી જમીનમાં વાદીઓના મકાન હોવાનું જણાવેલ છે. અને દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો અને તે પરત્વેનો અધિકાર વાદીઓએ સાબિત કરવાનો છે જે કાયદા તથા હકીકત સાથે સંકળાયેલ પ્રશ્ન છે જેથી વાદીનો દાવો સી.પી.સી.હુકમ ૭ની જોગવાઈમાં માત્ર પ્રથમ દ્રષ્ટિએ નકકી થઈ શકે નહી અને તે બાબતે પુરાવા પણ લક્ષે લેવા પડે. જેથી વાદીઓનો દાવો પ્રથમ તબકકે માત્ર સુનાવણી કરી કાઢી શકાય નહી અને આટલા વર્ષોનો કબજો વિગેરે તમામ હકીકત સાબિત થયેથી જ દાવાનો નિર્ણય થઈ શકે તેમ છે. જેથી પ્રતિવાદી નં.૪ની અરજી નામંજુર કરવા જવાબમાં જણાવેલ છે.

(૩). વાદી તરફે સદર કામે તેમનો વડીલો વખતથી દાવાવાળી જમીન ઉપ્ર કબજો હોવા બાબત નિ.૪/૧ થી ૪/૩૯ સુધીના રેવન્યુ રેકર્ડ તથા અન્ય પુરાવા રજુ કરેલ છે. નિ.૪/૩૦થી વાદીઓને તા.૨૫/૭/૨૦૧૮ના રોજ દાવાવાળી જમીનમાં સરકારી માલીકીની જમીનમાં વગર મંજુરીએ વાવેતર કરવા બાબતની મામલતદારશ્રી મોડાસા તરફથી આપવામાં આવેલ નોટીસની નકલ રજુ થયેલ છે. વાદી તરફે રજુ થયેલ રેવનયુ રેકર્ડ ૭/૧૨ના ઉતારા વિગરે સને ૧૯૩૯૦–૪૦ના વર્ષથી રજુ થયેલ પુરાવા કે જેમાં ખેતી,

પાક , ખેડુતનુ નામ વિગેરેનું વર્ણન થયેલ છે. સદર કામે રજુ થયેલ ડી.આઈ.એલ.કચેરીનો સદર કામના દાવાવાળી જમીનની માપણી શીટ રજુ થયેલ છે જેમાં સુધારા હુકમ પછી ની દબાણવાળી માપણી શીટ છે જેમાં વાદીના દબાણ બાબતની હકીકત દર્શાવેલ છે. પ્રતિવાદી નં.૪ તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૧૯(૪)જીએલઆર ૨૯૦૦નો ખાં ટુબેન મોહંમદભાઈ પોલારાનો ચુકાદો રજુ કરેલ છે જેમાં પેરા–૧૪માં ઠરાવેલ છે કે,''

"It is no doubt true that of limitation is a mixed question of law and fact. But if by such mere bald assertion, if the application under Order 7 Rule 11 of the CPC is to be discarded that the same would frustrate the very object of said provision and would allow such kind of frivolous litigation which are hopelessly barred by law, will have to be adjudicated irrespective of its tenability and as such, this court is of the considered opinion that looking to the aforesaid proposition of law which has been laid down as referred to above, the order in question is not just and proper, suffers from material irregularity in exercise of discretion and has got the object of frustrating the very object of provision under which the application was made by the petitioner. Accordingly, the case is made out by the petitioner to call for interference."

(૪). નામદાર સુ.કો.એ. 2022 LiveLaw (SC) 963, IN THE SUPREME COURT OF INDIA

M.R. SHAH; J., M.M. SUNDRESH; J.

Petition for Special Leave to Appeal (C) No. 19018/2022; 09-11-2022

GURDEV SINGH versus HARVINDER SINGH ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે,''

ORDER

The application preferred by the petitioner to reject the plaint under Order 7 Rule 11 of the Code of Civil Procedure, 1908 (CPC) has been dismissed by the Trial Court which has been confirmed by the High Court. It is the case on behalf of the petitioner that the plaintiff is not entitled to any relief in the suit. The aforesaid cannot be a ground to reject the plaint at the threshold in exercise of powers under Order 7, Rule 11 of the CPC. The learned Trial court has rightly rejected the application under Order 7, Rule 11 of the CPC, which is rightly not interfered with by the High Court. We are in complete agreement with the view taken by the High Court. The Special Leave Petition stands dismissed.

Pending application(s), if any, shall stand disposed of."

નામદાર સુ.કો.એ. ચુકાદામાં ઠરાવ્યા મુજબ સી.પી.સી.હુકમ ૭ રૂલ–૧૧ ની જોગવાઈને વાદીના દાવાને નકારવા માટેનું કારણ બનાવી શકાય નહી. દરેક કેસની હકીકત જુદી જુદી હોય છે. સદર કામે વાદીઓનો દાવાવાળી જમીન ઉપરની તેમના વડીલો વખતથી ખેતીની હકીકત લક્ષે લ ેતા સદર કામનો ન્યાયનિર્ણય પુરાવાથી પુરવાર થઈ શકે તેમ હોય તેમજ કાયદાના પ્રશ્નો સદર કામે સમાયેલ હોય પ્રતિવાદી તરફે રજુ થયેલ ચુકાદો નામદાર સુ.કો.ના Special Leave to Appeal (C) No. 19018/2022; 09-11-2022 ના ચુકાદા મુજબ પ્રતિવાદી નં.૪ તરફે રજુ થયેલ ચુકાદો

ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદી નં.૪ને મદદકર્તા ન હોય પ્રતિવાદી નં.૪ ની સદર અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૨૫મી,માહે :જાન્યુઆરી, સને: ૨૦૨૩ ના રોજ

ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૨૫/૦૧/૨૦૨૩

સ્થળ :મોડાસા. **(શ્રીમતી એન. ડી. શર્મા)**

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, મોડાસા

**U.I.C. NO.GJ00555**